# સંબંધ નહીં રાખે તો માતા અને ભાઈને મારી નાંખીશ

**ગોપીપુરાની** યુવતીને હેરાન કરતાં તાતવાડાના રોમિયો સામે ફરિયાદ

સુરતઃ ગોપીપુરા વિસ્તારમાં એક યુવતીની છેલ્લા પાંચ વર્ષથી સતત પજવણી કરી, તેની મરજી વિરૂદ્ધ સંબંધ રાખવા માટે દબાણ કરતા એક માથાભારે રોમિયોની કરતૂતો સામે આવી છે. યુવતીએ નરાધમની માંગણીઓ ઠુકરાવી દેતાં ઉશ્કેરાયેલા ગઠિયાએ જાહેર રસ્તા પર યુવતીની આબરૂ લેવાનો પ્રયાસ કરી ગાળાગાળી કરી હતી, એટલું જ નહીં તેના ભાઈ અને માતાને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ભોગ બનનાર યુવતીની ફરિયાદના આધારે અઠવા પોલીસે કાયદાનો કોરડો વીંઝ્યો છે.

ગોપીપુરા વિસ્તારની એક સોસાયટીમાં રહેતી યુવતીને છેલ્લા પાંચ વર્ષથી આ જ વિસ્તારમાં રહેતો રોમિયો માનસિક અને શારીરિક રીતે હેરાન કરી રહ્યો હતો. ગોપીપુરાના તાતવાડા ભરવાડ ફળિયા ખાતે રહેતા તહૂર સિદ્દિક જીરફ નામના આ શખ્સે યુવતીનો પીછો કરતો હતો. તે તેની સાથે મિત્રતા કરવા માટે દબાણ કરતો હતો. જો કે યુવતી તે માટે તૈયાર ન હતી. જેથી અકળાયેલા આરોપીએ યુવતીને રસ્તામાં આંતરીને ફરી સંબંધ રાખવા દબાણ કર્યું હતું. યુવતીએ પ્રતિકાર કરતાં આરોપીએ જાહેરમાં જ બિભત્સ ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું. આટલેથી જ ન અટકતા, નરાધમે ધમકી આપી હતી કે જો તું મારી સાથે સંબંધ નહીં રાખે તો તારા ભાઈ અને તારી માતાને જાનથી મારી નાંખીશ જેથી આ યુવતીએ અઠવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ભાજપમાં મેયરપદ માટે ચર્ચાતાં નામો કપાવાની પરંપરા રહી છે

**રાજેશ** દેસાઈથી શરૂ કરીને પ્રફુલ પાનશેરીયા, દર્શિની કોઠીયા, ઉર્વશી પટેલ અને રાજુ જોળીયા છેલ્લે સુધી રેસમાં રહ્યા બાદ મેયરપદની ગાડી ચૂકી ગયા હતા

સુરત : છેલ્લા 36 વર્ષથી સુરત મનપામાં ભાજપનું શાસન છે ત્યારે અત્યાર સુધી મેયરપદ પર ભાજપે હંમેશા ચર્ચામાં નહીં હોય તેવા સ્કાયલેબને જ ઉતાર્યા છે. કેડરબેઈઝ પાર્ટી હોવા છતાં પણ મેયરપદે મોટાભાગે એવાની પસંદગી કરવામાં આવી છે કે જે નામ ચર્ચામાં જ નહોતું. ઈતિહાસ પર નજર કરીએ તો, મેયર પદ સુધી પહોંચેલા મોટા ભાગના નેતાઓ માટે આ ખુરશી અંતિમ મંજિલ સાબિત થઈ હોવાનું ચિતાર સામે આવ્યું છે. જેમાં બે ત્રણ નેતાઓ જ અપવાદ છે.

ભાજપમાં મેયરપદે સ્કાયલેબ જ આવ્યા તેનો પુરાવો એ છે કે વર્ષ 2010માં રાજેશ દેસાઈના નામની ચર્ચા હતી અને રાજુ દેસાઈ મેયર બની ગયા હતા. આજ રીતે પ્રફુલ પાનશેરીયાનું નામ ચર્ચામાં હતું અને તેમણે મિઠાઈઓ પણ બનાવડાવી દીધી હતી ત્યારે મેયરપદે બીજાને બેસાડી દેવાયા હતા. જોકે, પ્રફુલ પાનશેરીયા એટલા ભાગ્યશાળી રહ્યા કે મેયરપદ ચૂક્યા પણ બાદમાં ધારાસભ્ય અને મંત્રી બની ગયા. ત્યારબાદ 2013માં દિપક આફ્રિકાવાલા અને રાજુ જોળીયાના નામો ચર્ચામાં હતા અને મેયર નિરંજન ઝાંઝમેરા બની ગયા હતા. 2015માં ડો. જગદીશ પટેલનું નામ ચર્ચામાં હતું અને અસ્મિતા શિરોયા મેયર બન્યા હતા. 2018માં રાજેશ દેસાઈ, અનિલ ગોપાલાણીના નામોની ચર્ચા ચાલી પણ ડો. જગદીશ પટેલ મેયર બન્યા હતા. વર્ષ 2021માં દર્શિની કોઠીયા અને ઉવર્શી પટેલ જેવા નામોની ચર્ચા વચ્ચે હેમાલી બોઘાવાલા મેયર બન્યા હતા અને વર્ષ 2023માં કિશોર મિયાણી સહિત અન્યોના નામો ચર્ચામાં હતા અને દક્ષેશ માવાણી મેયર બન્યા હતા. મહાપાલિકાના ઈતિહાસમાં આ પ્રથમ વખત છે કે, જ્યારે મેયરની ટર્મ પુરી થયા બાદ પણ દક્ષેશ માવાણીને ફરીથી ટિકીટ આપવામાં આવી છે. આ વખતે મહાપાલિકામાં મેયરની પોસ્ટ મહિલા માટે અનામત છે ત્યારે ચર્ચાતા નામોમાંથી નક્કી થશે કે પછી સ્કાયલેબ આવશે તે જોવું રહ્યું!

## મેયર બન્યા બાદ ભાજપના માત્ર બે નેતાઓ ધારાસભ્ય પદ સુધી પહોંચી શક્યા

1995માં જ્યારે ભાજપની સંપૂર્ણ બહુમતિ આવી ત્યારથી શરૂ કરીને 36 વર્ષના ભાજપના અખંડ શાસનના ઇતિહાસમાં ફકીરભાઇ ચૌહાણથી માંડીને દક્ષેશ માવાણી સુધીના 16 મેયરો પૈકી માત્ર બે મેયર અજય ચોકસી અને રણજીત ગિલીટવાલા જ મેયર બન્યા બાદ પણ ધારાસભ્યપદ સુધી પહોંચી શક્યા હતા અને તેમાં પણ ગિલીટવાળા તો રાજ્યકક્ષાના મંત્રી પણ બન્યા હતા. મેયર બન્યા બાદ અન્ય નેતાઓ ખોવાઈ ગયા ત્યારે નિરંજન ઝાંઝમેરાને ભાજપના શહેર પ્રમુખ બનવાનો મોકો મળ્યો હતો. કાશીરામ રાણા મેયર બન્યા ત્યારે ધારાસભ્ય પણ હતા જયારે ડો.કનુભાઇ માવાણી ધારાસભ્ય રહી ચુક્યા બાદ મેયર બન્યા હતા.

## ભાજપના અત્યાર સુધીના મેયર

» કાશીરામ રાણા » ફકીરભાઈ ચૌહાણ » ગીતાબેન દેસાઈ » નવનીત જરીવાલા » સવિતા શારદા » ભીખુભાઇ બોઘરા » અજય ચોકસી, » સ્નેહલતાબેન ચૌહાણ » ડો. કનુભાઈ માવાણી » રણજીત ગિલીટવાળા » રાજુ દેસાઈ » નિરંજન ઝાંઝમેરા » અસ્મિતા શિરોયા » ડો. જગદીશ પટેલ » હેમાલી બોઘાવાલા » દક્ષેશ માવાણી

## છાશનું મશીન મોકલવાના નામે ૬ લાખની ઠગાઈ

સુરતઃ જહાંગીરપુરા વિસ્તારમાં રહેતા અને ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા એક યુવાન સાથે છાશ બનાવવાના મશીનના નામે ઠગાઈ થઈ છે. જહાંગીરપુરા ખાતે રહેતા અને દ્વારકેશ ડેરી ચલાવતા ૨૭ વર્ષીય આનંદભાઈ લેબાભાઈ રબારી ડેરી માટે છાશ બનાવવાનું નવું આધુનિક મશીન ખરીદવા માંગતા હતા.

આ દરમિયાન તેમનો સંપર્ક તેલંગાણાના હૈદરાબાદ ખાતે રહેતા શિવાકુમાર દસારી સાથે થયો હતો. તેણે તેની ઓળખ "ધ ડેક્કન પેકેજિંગ સિસ્ટમ્સ એન્ડ નીડ્સ" નામની પ્રતિષ્ઠિત કંપનીનો માલિક કે પ્રતિનિધિ હોવાની ઓળખ આપી હતી. તેમણે તેમની સાથે છાશ બનાવવાના મશીનની બાર લાખમાં ડીલ કરી 50 ટકા એડવાન્સ માંગ્યા હતાં. જે મળી ગયા બાદ મશીન મોકલ્યું ન હતું અને ફોન બંધ કરી દીધો હતો. આ બનાવમાં આનંદભાઈએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

# ઉધનામાં કચરામાં સળગી ગયેલું ભ્રૂણ મળી આવ્યું

**શહેરમાં** એક અઠવાડિયામાં ત્યજી દેવાયેલા ભ્રૂણ-શિશુ મળવાની આ ત્રીજી હૃદયદ્રાવક ઘટના

સુરતઃ ઉધના વિસ્તારમાં આવેલા ભીમનગર ગરનાળા પાસે આજે એક અજાણ્યા આશરે સાતેક દિવસ પહેલા જન્મેલા નિર્દોષ નવજાત બાળકને કચરાના ઢગલામાં સળગેલી હાલતમાં ફેંકીને ફરાર થઈ જવાની ઘટના પ્રકાશમાં આવી છે. ઘટનાસ્થળે સ્થાનિક લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા. શહેરમાં છેલ્લા એક જ અઠવાડિયામાં માસૂમ ભ્રૂણ કે નવજાતને ત્યજી દેવાની આ ત્રીજી ઘટના બની છે.

ભીમનગર ગરનાળા નજીકથી પસાર થતા રાહદારીઓ અને સ્થાનિક લોકોનું ધ્યાન કચરાના ઢગલામાં પડેલા એક નવજાત શિશુના મૃતદેહ પર ગયું હતું. કોઈ પાષાણ હૃદયની વ્યક્તિએ પોતાના પાપને છૂપાવવા અથવા તો નિર્દયતાની હદ વટાવીને આ માસૂમ જીવને સળગાવી અહીં ફેંકી દીધો હોવાની આશંકા સેવાઈ રહી છે. આ અંગે તુરંત જ ઉધના પોલીસને જાણ કરવામાં આવતા પી.આઈ. સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

ઉધના પોલીસે ઘટનાસ્થળ અને ભીમ નગર ગરનાળાની આસપાસના વિસ્તારોમાં તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાથમિક તપાસ અને (CCTV) ફૂટેજ ફંફોસતા તપાસવાના શરૂ કર્યા છે.

# ઓએનજીસી બ્રિજ પરથી બે-બે યુવાને મોતની છલાંગ લગાવી


**કતારગામના** રત્નકલાકારે દેવું થઇ જતાં આપઘાત કર્યો

**માતાએ** નશો કરવાની ના પાડતા અલથાણનો યુવક તાપીમાં કૂદી ગયો

સુરતઃ ઓએનજીસી બ્રિજ પરથી બે યુવાને પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. માથે દેવું થઈ જતાં કતારગામના રત્નકલાકારે ઓએનજીસી બ્રિજ પરથી પડતું મૂકીને આત્મહત્યા કરી લીધી હતી.

મળેલી માહિતી મુજબ મૂળ જામનગરના વતની યોગેશ બાબુભાઈ સોરઠીયા (ઉં.વ.39) હાલ કતારગામ વિસ્તારમાં આવેલી મોહનદીપ સોસાયટીમાં રહેતો હતો. તે રત્નકલાકાર તરીકે કામ કરતો હતો. સોમવારના રોજ સવારે યોગેશ રાબેતામુજબ નોકરી પર ગયો હતો. ત્યારબાદ બપોરના સમયે તે નોકરી પરથી નીકળીને ઓએનજીસી બ્રિજ પર ગયો હતો અને ત્યાંથી તાપી નદીમાં પડતું મૂક્યું હતું. તેને માથે દેવું થઈ જતાં તેણે આત્મહત્યા કરી હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. જ્યારે બીજી ઘટનામાં માતાએ નશો નહીં કરવા ઠપકો આપતાં અલથાણ ગામના યુવકે તાપીમાં પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો.

મળેલી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રના વતની દિનેશ ધનરાજ પાટીલ (ઉં.વ.29) હાલમાં અલથાણની નવી વસાહતમાં પરિવાર સાથે રહેતો હતો અને ઘર પાસે પાનનો ગલ્લો ચલાવતો હતો. દિનેશને નશો કરવાની કુટેવ હતી. જેથી મંગળવારે તેની માતાએ નશો નહીં કરવા ઠપકો આપ્યો હતો. તે વાતનું માઠું લગાવી દિનેશે સાંજે ઓએનજીસી બ્રિજ પર બાઈક મૂકીને તાપી નદીમાં પડતું મૂક્યું હતું.



## કુરુક્ષેત્ર ઓવારા પર અધિક એકાદશીના સ્નાન માટે ભીડ



■ બુધવારે અધિક મહિનાની એકાદશી હતી. આ દિવસે નદીઓમાં સ્નાનનું ખૂબ જ ધાર્મિક મહત્વ હોવાથી જહાંગીર કુરુક્ષેત્ર ઓવારા પર મોટી સંખ્યામાં ભક્તોએ તાપીમાં સ્નાન કર્યું હતું. (તસવીર : હેમંત ડેરે)

# સગરામપુરાના રિક્ષાવાળા સામે ફુગ્ગાવાળીની ફરિયાદ

**ત્રણ** વર્ષ શારીરિક સંબંધ બાંધ્યા બાદ લગ્નની ના પાડી મારઝૂડ કરી

સુરતઃ ઉમરા વિસ્તારમાં રહેતી એક ૩૫ વર્ષીય ત્યક્તાને કુંવારો હોવાનું કહી લગ્નનું વચન આપી ત્રણ વર્ષ સુધી શરીર સંબંધ બાંધનાર રિક્ષાચાલક સામે ગુનો દાખલ થયો છે.

ઉમરા વિસ્તારમાં રહેતી ૩૫ વર્ષીય ત્યકતા વર્ષ ૨૦૨૩ દરમિયાન વનિતા વિશ્રામ સ્કૂલના ભરાયેલા મેળાની બહાર ફૂટપાથ પર પીડિતા ફુગ્ગા અને રમકડાં વેચી રહી વેચતી હતી.

તે દરમિયાન સગરામપુરા હળદિયા શેરી ખાતે રહેતો રિક્ષાચાલક સોહેબ ઉમરખાન પઠાણ તેના સંપર્કમાં આવ્યો હતો. અવારનવાર મેળાની બહાર આવતા-જતા સોહેબે પીડિતા સાથે મિત્રતા કેળવી હતી. તેણે પોતે અપરિણીત હોવાનું કહી પીડિતાને પોતાની માયાવી પ્રેમજાળમાં ફસાવી લીધી હતી. તેણે પીડિતાને લગ્ન કરવાનો વાયદો કરી જુદી-જુદી જગ્યાએ લઈ જઈ તેણીની મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ સિલસિલો છેલ્લા ત્રણ વર્ષથી સતત ચાલતો હતો.ત્રણ વર્ષ સુધી પીડિતાનું સતત શારીરિક અને માનસિક શોષણ કર્યા બાદ જ્યારે પીડિતાએ સોહેબ પર સમાજની હાજરીમાં કાયદેસરના લગ્ન કરી લેવા માટે દબાણ કર્યું, ત્યારે સોહેબે અચાનક રંગ બદલ્યો હતો. તેણે લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડી દઈ પીડિતાને બેરહેમીપૂર્વક ઢોર માર માર્યો હતો અને જો હવે પછી લગ્નનું નામ લીધું છે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી તરછોડી દીધી હતી.

# ગરમીમાં પાણીનો વપરાશ ૮૦ MLD વધી ગયો

**૧૫૮૦** એમએલડીને બદલે આંકડો વધીને ૧૬૬૦ પર પહોંચી ગયો છે

સુરતઃ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી કાળઝાળ ગરમીના કારણે શહેરીજનો ભારે અકળામણનો અનુભવ કરી રહ્યા છે.

દિવસ દરમિયાન તો અસહ્ય ગરમી રહે જ છે, પરંતુ રાત્રિના સમયે પણ ગરમીથી રાહત ન મળતાં લોકો પંખા, કૂલર અને એસીનો વધુ ઉપયોગ કરી રહ્યા છે. ગરમી વધતા શહેરમાં પાણીના વપરાશમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

સામાન્ય દિવસોમાં સુરતમાં દૈનિક આશરે ૧૫૮૦ એમએલડી પાણીનો વપરાશ થતો હોય છે, પરંતુ હાલ ગરમીના કારણે આ આંકડો વધીને ૧૬૬૦ એમએલડી સુધી પહોંચી ગયો છે. ખાસ વાત એ છે કે હાલ વેકેશનની સિઝન હોવાથી મોટી સંખ્યામાં લોકો શહેરની બહાર હોવા છતાં પાણીની માંગમાં ઘટાડો થવાને બદલે વધારો નોંધાયો છે.

## પ્રિમોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની શક્યતા

સુરતઃ સુરત શહેરમાં બુધવારેપણ ગરમીના માહોલમાં ખાસ કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. શહેરનું મહત્તમ તાપમાન ગઈકાલની સરખામણીએ માત્ર 0.1 ડિગ્રી ઘટીને 35.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 28.6 ડિગ્રી સાથે યથાવત રહ્યું હતું. શહેરમાં બુધવારે પણ દિવસભર આછું વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. છેલ્લા કેટલાક દિવસોથી તાપમાન સ્થિર રહેતાં લોકોમાં ગરમી અને ભેજથી અકળામણ વધી રહી છે. પરંતુ હવે વાતાવરણમાં ધીમે ધીમે પલટો આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં પ્રિમોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ શકે છે. જેના કારણે શહેરમાં વાદળછાયું વાતાવરણ વધવાની સાથે પવનની ગતિમાં પણ વધારો થઈ શકે છે. દિવસ દરમિયાન ગરમી અને ભેજના કારણે લોકો પરેશાન બન્યા હતા, પરંતુ સાંજના સમયે ફુંકાયેલા ઠંડકભર્યા પવનને કારણે વાતાવરણમાં થોડી રાહતનો અનુભવ થયો હતો.

# ઉધનાના વીવર્સ સાથે રૂ. ૩૭.૨૭ લાખની છેતરપિંડી

સુરતઃ રાજસ્થાનના જયપુર ખાતે પેઢી ધરાવતા બે ઠગ વેપારીઓએ સુરતના વેપારી સાથે ઠગાઈ કરતા પોલીસે ગુનો નોંધી નોંધ્યો છે.

મૂળ રાજસ્થાનના પાલી જિલ્લાના મારવાડ જંકશનના વતની અને હાલ સુરતના સિટીલાઈટ રોડ પર શ્રીપાલ રેસિડેન્સીમાં રહેતા ૪૩ વર્ષીય કાપડના વેપારી પાસે રાજસ્થાનના જયપુરમાં મહાદેવ ક્રિએશન નામની ફર્મ ચલાવતા હુકમ ભારતી (રહે. માનસરોવર, જયપુર) અને અશોક છાલારામ (રહે. જોધપુર) તેમના સંપર્કમાં આવ્યા હતા. બંનેએ સમયસર પેમેન્ટ કરી આપવાનું કહેતા ફરિયાદીએ જુદા જુદા સમયે ૩૭,૨૭,૩૮૯ની કિંમતનો ગારમેન્ટ ફેબ્રિક કાપડનો માલ જયપુર મોકલી આપ્યો હતો. જો કે ત્યારબાદ તેમણે પેમેન્ટ કર્યું ન હતું.

# અભિષેક માર્કેટમાં સાડીની દુકાનમાં આગ ફાટી નીકળી

**ફાયર વિભાગે** 10 મિનિટમાં આગ પર કાબૂ મેળવી લાખોની સાડી બચાવી લીધી

સુરતઃ શહેરના ટેક્સટાઈલ હબ ગણાતા રિંગ રોડ વિસ્તારમાં આવેલી અભિષેક માર્કેટમાં સોમવારે આગ લાગવાની ઘટના સામે આવતાં વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ માર્કેટમાં રોજિંદા વેપાર દરમિયાન અચાનક એસીમાંથી ધુમાડો નીકળવા લાગ્યો હતો અને થોડી જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગ લાગતાની સાથે જ દુકાનમાં હાજર કર્મચારીઓ, વેપારીઓ અને ગ્રાહકો તાત્કાલિક બહાર દોડી આવ્યા હતા. સ્થાનિક વેપારીઓએ પ્રાથમિક સાધનો વડે આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતાં સુરત ફાયર બ્રિગેડ હરકતમાં આવી ગઈ હતી. કંટ્રોલ રૂમ દ્વારા અલગ-અલગ ત્રણ ફાયર સ્ટેશનની ગાડીઓ અને ફાયર ફાઈટરોની ટીમને સ્થળ પર મોકલવામાં આવી હતી. ફાયર વિભાગે સ્થળ પર પહોંચી યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી અને પાણીનો મારો ચલાવીને માત્ર 10 મિનિટમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. જો આગ વધુ પ્રસરી હોત તો મોટી હોનારત સર્જાઈ શકતી હતી. જો કે, ફાયર વિભાગની સમયસરની કામગીરીને કારણે આગ અન્ય દુકાનો સુધી ફેલાતી અટકાવવામાં સફળતા મળી હતી. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી અને લાખો રૂપિયાનું કાપડ બચી જતાં વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

**આજે વિશ્વ માસિક સ્વચ્છતા દિવસ**

# 2020 પછી 10થી 11.5ની ઉંમરે જ હવે માસિક આવી જાય છે

**હવે** ગ્રામ્ય વિસ્તારની દીકરીઓ ગંદા કપડાને બદલે પેડનો ઉપયોગ કરે છે



સુરતઃ આજે 'વિશ્વ માસિક સ્વચ્છતા દિવસ'ની ઉજવણી કરાશે. આ વર્ષે વૈશ્વિક સ્તરે એક પીરિયડ-ફ્રેન્ડલી વિશ્વ માટે સાથે મળીને થીમ ઉપર ઉજવણી થશે. આ થીમ હેઠળ ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં માસિક ધર્મ પ્રત્યેની જાગૃતિ લાવવા માટે સુરતમાં પણ ઉજવણી થશે. સુરત જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા કેન્દ્ર સરકારની મેન્સ્ટ્રુઅલ હાઈજીન સ્કીમ (MHS)નું ગ્રામ્ય સ્તરે અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જિલ્લાનાં અંતરિયાળ ગામડાઓમાં કાર્યરત આશા વર્કર્સ ઘરે-ઘરે જઈને 10થી 19 વર્ષની કિશોરીઓને માત્ર રૂ.6ની ટોકન કિંમતે 6 સેનેટરી પેડનું વિતરણ કરી રહી છે. જેથી દિકરીઓ સ્વચ્છ પેડ્સનો ઉપયોગ કરતી થઈ છે. ગાયનેકોલોજિસ્ટ્સના મતે, છેલ્લા બે-ત્રણ દાયકામાં છોકરીઓમાં પ્રથમ માસિક ધર્મ શરૂ થવાની સરેરાશ ઉંમરમાં મોટો ઘટાડો નોંધાયો છે. બદલાતી જીવનશૈલી, જંક ફૂડ, બાળપણમાં ઓબેસિટી (વજન વધવું) અને વધુ પડતા સ્ક્રીન ટાઈમના કારણે શરીરમાં હોર્મોનલ ફેરફારો વહેલા થાય છે. પહેલાં જ્યાં પીરિયડ્સ સામાન્ય રીતે ૧૩થી ૧૪ વર્ષની ઉંમરે આવતા હતા, તે હવે ઘટીને ૧૦થી ૧૨ વર્ષ થઈ ગઈ છે.

## સ્વચ્છ પદ્ધતિઓના ઉપયોગમાં વધારો

» ભારતમાં પીરિયડ્સ દરમિયાન સ્વચ્છ સાધનો વાપરતી યુવતીઓનો આંકડો અગાઉના 57.6%થી વધીને 77.3% થયો છે.

» ગુજરાતમાં 15થી 24 વર્ષની અંદાજે 66.5% કિશોરીઓ અને મહિલાઓ માસિક સુરક્ષા માટે સ્વચ્છ પદ્ધતિઓ (હાઇજીનિક મેથડ)નો ઉપયોગ કરે છે.

» ગુજરાતના સર્વેક્ષણ મુજબ, કુલ મહિલાઓમાંથી 43.8% સેનેટરી નેપકિન્સ, 5.1% ટેમ્પન્સ અને આશરે 0.9% મહિલાઓ મેન્સ્ટ્રુઅલ કપનો ઉપયોગ કરી રહી છે.

## સુરત જિલ્લાની 5 હજારથી વધુ આદિવાસી કિશોરીઓને વિનામૂલ્યે વિતરણ

સુરત જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં કાર્યરત સંસ્થાઓ અને વહીવટી તંત્રના સહયોગથી જિલ્લાની અંદાજે 50 જેટલી આશ્રમશાળાઓની 5 હજારથી વધુ આદિવાસી કિશોરીઓને આખું વર્ષ વિનામૂલ્યે સેનેટરી પેડ્સ પૂરા પાડવામાં આવે છે. સુરતના ઇચ્છાપોર ખાતે ચાલતા મહિલા સ્વસહાય જૂથો દ્વારા ગ્રામીણ વિસ્તારો માટે દર મહિને આશરે 35 હજારથી વધુ બાયો-ડિગ્રેડેબલ સેનેટરી પેડ્સનું ઉત્પાદન કરવામાં આવે છે.


(નાણાં મંત્રાલય, ભારત સરકાર)

**ઋણ વસૂલી અધિકરણ - II**

ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમની પાસે, પાલડી, અમદાવાદ, ગુજરાત.

ફોર્મ નં. ૨૨ (પહેલા ૬૨) {ડીઆરટી રેગ્યુલેશન ૨૦૨૪ ના નિયમ ૩૫ અને ૩૬} (ઈન્કમટેક્ષ એક્ટ - ૧૯૬૧ના બીજા શિડયુલમાં નિયમ ૫૨(૧) (૨) જુઓ) બેંકો તથા નાણાંકીય સંસ્થાઓના બાકી લ્હેણાંની વસુલાતના ૧૯૯૩ ના કાયદા સાથે વંચાણે લેતા

ઈ - હરાજી / વેચાણ નોટીસ [THROUGH REGD.AD/DASTI/AFFIXATION/BEAT OF DRUM/PUBLICATION]

RP/RC NO. 177/2018 | OA No. 807/2016

| | |
|---|---|
| પ્રમાણપત્ર ધારણકર્તા | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા |
| V/s | |
| પ્રમાણીત દેવાદાર | શ્રી નિલેશ કાંતિભાઈ પટેલ (નારોલા) |

પ્રતિ,
સી.ડી. નં. ૧) :- શ્રી નિલેશ કાંતિભાઈ પટેલ (નારોલા), ૬૫, ડી.કે. નગર, કતારગામ, સુરત.
અને અહીં પણ : પ્લોટ નં. ૩ અને ૪, પંજરોલી, હાંસોટ, ભરૂચ.
સી.ડી. નં. ૨) :- શ્રી મનોજ કાંતિભાઈ પટેલ, ૬૫, ડી.કે. નગર, કતારગામ, સુરત અને અહીં પણ : પ્લોટ નં. ૩ અને ૪, પંજરોલી, હાંસોટ, ભરૂચ.
સી.ડી. નં. ૩) :- શ્રી પરેશ ધીરુભાઈ શંકર, ૩૦૪, ઉગમ એપાર્ટમેન્ટ, સરસ્વતી વિદ્યાલય, એ.કે. રોડ, કતારગામ, સુરત - ૩૯૫૦૦૮.

સદરહુ સીડી નં. ૧ થી ૩, OA No. 807/2016, તારીખ : ૨૦/૦૩/૨૦૧૮ ના ચુકાદાની શરતો મુજબ તા. ૨૮/૧૦/૨૦૧૬ ના રોજ વ્યાજ સહીત બાકી રકમ રૂા. ૨૬,૭૩,૯૦૯/- (રૂા. છવીસ લાખ તોતેર હજાર નવસો નવ પુરા) ચુકવવામાં નિષ્ફળ ગયા છે તેથી હાલની આ વેચાણ નોટીસ છે. મારા તા. ૩૦/૦૪/૨૦૨૬ ના હુકમ મુજબ, નીચે દર્શાવેલ મિલકતોનું જાહેર ઈ - હરાજી મારફતે વેચાણ નીચે જણાવેલ વિગતે કરવામાં આવશે. હરાજી વેચાણ "ઓનલાઈન ઈ-હરાજી" દ્વારા વેબસાઈટ https://baanknet.com મારફતે કરવામાં આવશે.

| લૉટ નં. | મિલકતનું વર્ણન | અનામત કિંમત (રાઉન્ડેડ ઓફ) | ઈએમડી ૧૦% અથવા (રાઉન્ડેડ ઓફ) |
|---|---|---|---|
| ૧. | તમામ ભાગ અને હિસ્સા સાથેનો બીન ખેતીલાયક ૪૫૩, પ્લોટ નં. ૧ અને ૨, રેવન્યુ સર્વે નં. ૧૮૪ અને ન્યુ સર્વે નં. ૫૪૩, મોજે - પંજરોલી, તાલુકો - હાંસોટ, જીલ્લો - ભરૂચ. | રૂા. ૬૭.૦૦ લાખ | રૂા. ૦૬.૭૦ લાખ |

નોંધ : ઈએમડી બેંકનેટ વોલેટમાં ઈ-ઓકશન વેબસાઈટ દ્વારા જમા કરાવવાની રહેશે એટલે કે https://baanknet.com.
સૌથી વધુ બોલી લગાવનારને બેંકનેટ વોલેટમાં પહેલાથી ચુકવેલા ઈએમડીના સમાયોજન પછી, આગામી બેંક કાર્યકારી દિવસ સુધીમાં RTGS/NEFT દ્વારા નીચે મુજબની વિગતો મુજબ તેની અંતિમ બોલી રકમના ૨૫% રકમ જમા કરાવવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| લાભાર્થી બેંકનું નામ | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા | | |
| લાભાર્થી બેંકનું સરનામું | એસેટ રીકવરી શાખા, સુરત, તુલસી માર્કેટ, રીંગ રોડ, માન દરવાજા, સુરત - ૩૯૫૦૦૨. | | |
| લાભાર્થી ખાતા નં. | 798201980050000 | IFSC Code | UBIN0579823 |

૧. લૉટ નં. ૧ માટે બીડ વધારવાની રકમ રૂા. ૨૫,૦૦૦/- છે.
૨. સંભવિત પ્રસ્તાવકારો એ ઓનલાઈન તાલીમ મેળવવા માટે પીએસબી એલાયન્સ (BAANKNET ઓકશન પોર્ટલ) (ટેલિ. હેલ્પલાઈન નં. +૯૧ ૮૨૯૧૨૨૦૨૨૦ અને શ્રી કશ્યપ પટેલ (મો : ૯૩૨૭૪૯૩૦૬૦), હેલ્પ લાઈન ઈમેલ આઈડી : upport.BAANKNET@psballiance.com નો સંપર્ક કરવો. મિલકતને લગતી માહિતી માટે શ્રી ભાવિક પંડ્યા, આસીસ્ટન્ટ મેનેજર, સંપર્ક નંબર. ૮૮૬૬૬૮૨૯૩૭ નો સંપર્ક કરવો.
૩. પ્રસ્તાવકારોને જણાવવાનું કે વધુ માહિતી અને શરતો તથા નિયમો માટે ઈ-હરાજી થી પ્રસ્તાવ મોકલતાં પહેલાં અને ઈ હરાજીની પ્રક્રિયામાં ભાગ લેતા પહેલાં વેબ સાઈટ : https://baanknet.com જોઈ જવી.
૪. સંભવિત બિડરોને હરાજી પુર્ણ થયા પછી તરત જ ૨૫% (ઈએમડી બાદ કરીને) અને હરાજીની તારીખ થી ૧૫ દિવસની અંદર ૭૫% અને જો ૧૫મા દિવસે રવિવાર કે અન્ય રજા હોય, તો પછી ના તરતના કાર્યકારી દિવસ સુધી રકમની ચુકવણીનું પાલન કરવાનું જણાવવામાં આવે છે. એકસ્ટેંશન માટેની કોઈપણ વિનંતીને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
૫. આ મિલકત "જ્યાં છે ત્યાં", "જેવી છે તેમ" અને "જેમ છે તેમ" ના આધારે વેચાણ કરવામાં આવશે અને સંભવિત ખરીદનારને યોગ્ય રીતે પૂર્વ ખાતરી કરી લેવાનું જણાવવામાં આવે છે.
૬. ઈ-હરાજીની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | મિલકતનું નિરીક્ષણ | ૦૯/૦૬/૨૦૨૬, સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ વચ્ચે |
| ૨. | ઈએમડી ની રકમ અને ચુકવણીના પુરાવા સહિત દસ્તાવેજો અપલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૨/૦૭/૨૦૨૬, સાંજે ૫.૦૦ વાગ્યા સુધી |
| ૩. | ઈ - હરાજી ની તારીખ | ૦૩/૦૭/૨૦૨૬, બપોરે ના ૧૨.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી (ઈ - હરાજી સમાપ્ત થાય ત્યાં સુધી ૩ મિનિટની ઓટો એકસટેન્સન સાથે) |

SEAL

(અનુભા દુબે)
રીકવરી ઓફિસર-I,
ઋણ વસૂલી અધિકરણ-II,
અમદાવાદ.

(વિવાદ ની સ્થિતીમાં અંગ્રેજી આવૃતિને માન્ય રાખવામાં આવશે)